# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩




**મધ્ય અને પૂર્વ ગુજરાતમાં સ્ટાર્ટઅપ ક્રાંતિ | વાર્ષિક રૂ. ૧૫ લાખની ગ્રાન્ટથી SPSEC દ્વારા સંચાલન થશે**

# મધ્ય અને પૂર્વ ગુજરાત માટે સરદાર પટેલ યુનિવર્સિટી 'પ્રાદેશિક નવીનતા કેન્દ્ર' બનશે

**કેબિનેટ મંત્રી** અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે પ્રમાણપત્ર એનાયત



(પ્રતિનિધિ) આણંદ તા.૬

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત સાવલી ટેકનોલોજી અને વ્યવસાય ઈન્ક્યુબેટર તથા જિનટેક હબ દ્વારા મધ્ય અને પૂર્વ ગુજરાત ઝોન માટે પ્રાદેશિક નવીનતા કેન્દ્રની સ્થાપના અને સંચાલન માટે સરદાર પટેલ યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ક્લબ ખાતે યોજાયેલા 'જિનટેક કોન્ક્લેવ-૨૦૨૬' માં રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળને આ પસંદગીનું સત્તાવાર પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. નિરંજન પી. પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધન અને ઉદ્યોગસાહસિકતાનો વ્યાપ વધી રહ્યો છે. આ કેન્દ્રના પ્રાદેશિક અમલીકરણની મુખ્ય જવાબદારી યુનિવર્સિટીની ઈન્ક્યુબેશન સંસ્થા સરદાર પટેલ સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ (SPSEC) દ્વારા નિભાવવામાં આવશે.

આ પ્રાદેશિક નવીનતા કેન્દ્રના વિકાસ અર્થે સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ફંડિંગથી વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઉભરતા ઉદ્યોગસાહસિકોને પોતાના નવતર વિચારોને વ્યાવસાયિક સ્વરૂપ આપવા માટે સંસ્થાકીય સહયોગ મળશે.

આ યોજના અંતર્ગત પાયાના સ્તરના વિચારોની ઓળખ, નિષ્ણાતોનું માર્ગદર્શન, નમૂના વિકાસ, પ્રયોગાત્મક ચકાસણી, ઈન્ક્યુબેશન અને ટેકનોલોજીકલ સહાય જેવી મહત્વપૂર્ણ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ પહેલથી મધ્ય અને પૂર્વ ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રો વચ્ચે સહયોગનું એક મજબૂત માળખું રચાશે. પરિણામે યુનિવર્સિટી પરિસર બહારની સ્થાનિક પ્રતિભાઓને પ્રોત્સાહન મળશે અને સ્થાનિક સમસ્યાઓના ટેકનોલોજી આધારિત ઉકેલો વિકસાવવામાં મદદ મળશે.

# પંડોળી ગામના તળાવમાં ડૂબી જતાં બે વ્યક્તિના મોત

**માછલીઓને** ખોરાક નાખવા ગયા તે દરમિયાન તળાવના પાણીમાં ગરકાવ થયાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.૬

પેટલાદ તાલુકાના પંડોળી ગામે આવેલા તળાવમાં માછલીઓને ખોરાક નાખવા ગયેલા બે વ્યક્તિઓ ડૂબી જવાની ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તળાવના પાણીમાં બંને વ્યક્તિઓ ગરકાવ થઈ જતાં ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. જોકે, મોડી સાંજે બન્નેના મૃતદેહ મળી આવ્યાં હતાં. આ ઘટનાના સમાચાર પ્રસરતાં પંડોળી ગામના તળાવ કિનારે ગ્રામજનોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર, પેટલાદના આશીફભાઈ અને અન્ય એક વ્યક્તિ પંડોળી ગામના તળાવ ખાતે માછલીઓને ખોરાક નાખવા માટે ગયા હતા. તે દરમિયાન તળાવના કિનારે અથવા પાણીમાં જતી વખતે અચાનક પગ લપસવા કે ઊંડા પાણીમાં જવાને કારણે બંને વ્યક્તિઓ પાણીમાં ડૂબવા લાગ્યા હતા અને જોતજોતામાં પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

આ બનાવની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક તળાવ કિનારે દોડી આવ્યા હતા અને બંને વ્યક્તિઓને બચાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે, તળાવમાં પાણીની વધુ ઊંડાઈને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી સર્જાતાં પોલીસ અને વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. બાદમાં ફાયર બ્રિગેડ તથા રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને પાણીમાં ગરકાવ થયેલા બંને વ્યક્તિઓની શોધખોળ માટે બચાવ કામગીરી હાથ ધરી છે. આ આકસ્મિક બનેલી આ ઘટનાને પગલે બંને વ્યક્તિઓના પરિવારજનોમાં ચિંતાની ભારે લાગણી પ્રસરી ગઈ છે.

કરમસદ - આણંદ ફાયર બ્રિગેડને રેસ્ક્યુ ટીમની શોધખોળ દરમિયાન મોડી સાંજે બન્ને યુવકોના મૃતદેહ હાથ લાગ્યાં હતાં. આ ઘટનાના પગલે પેટલાદ ગ્રામ્ય પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ ઘટનાથી મૃતકના પરિવારમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

**ખેડાના તોલમાપ વિભાગે ૪૪૨ વેપારી એકમો પર ઓચિંતી તપાસ કરી**

# ખેડામાં ગ્રાહકો સાથે છેતરપિંડી કરતાં ૧૦૧ વેપારીને દંડ કરાયો

**ગેરરીતી** આચરનારા પાસે રૂ. ૧.૫૪ લાખથી વધુ દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

ખેડા જિલ્લામાં તહેવારોની મોસમમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા માટે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા મોટા પાયે ઝુંબેશ ચલાવવામાં આવી છે. મદદનીશ નિયંત્રકના માર્ગદર્શન હેઠળ ઓક્ટોબર માસ દરમિયાન નવરાત્રી, દશેરા અને દિવાળીના તહેવારોને ધ્યાને રાખી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૪૪૨ જેટલા વેપારી એકમોની ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેરરીતી આચરતા ૧૦૧ વેપારી એકમો સામે 'ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯' હેઠળ પ્રોસિક્યુશન કેસ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી છે.

ખેડા જિલ્લામાં નિયમોનો ભંગ કરનાર ૧૦૧ વેપારીઓ સામે કાર્યવાહી કરીને રૂ. ૧,૫૪,૪૦૦ ગુન્હો માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઓક્ટોબર માસ દરમિયાન વજન-માપના સાધનોની ચકાસણી અને મુદ્રાંકન ફી પેટે રૂ. ૩,૮૦,૭૫૯/- ની રકમ વસૂલ કરવામાં આવી હતી.

આ ખાસ ઝુંબેશ હેઠળ જનરલ સ્ટોર્સ, અનાજ-કરિયાણાની દુકાનો, ફ્યુલ પંપ, ઈન્ડસ્ટ્રીઝ, શાકભાજી-ફ્રૂટના ફેરીયા, પેકિંગ એકમો, મીઠાઈ-ફરસાણની દુકાનો, મોલ, સુપર માર્કેટ તથા નાસ્તા હાઉસ સહિતના વિવિધ વેપારી એકમો આવરી લેવાયા હતા. આ તપાસમાં વજનમાં ઓછું આપવું, વજન-માપના સાધનોની સમયસર ચકાસણી-મુદ્રાંકન ન કરાવવું, પેકિંગ પર છાપેલી કિંમત કરતાં વધુ ભાવ લેવો, કિંમત પર છેકછાક કરવી, પેકિંગ આઇટમો માટે જરૂરી નોંધણી ન કરાવવી, પેકિંગ સામાન વેચતા વેપારીઓ દ્વારા વજનકાંટો ન રાખવો તેમજ ઈલેક્ટ્રોનિક વજનકાંટો રાખતા વેપારીઓ દ્વારા ટેસ્ટિંગ વજન ન રાખવું જેવા કિમીયા સામે આવ્યા હતા.

# દિવાળી પર હવામાન મહેરબાન હળવી ઠંડકનો અનુભવ રહેશે

સાંજ પછી ગુલાબી ઠંડી સાથે ખુશનુમા વાતાવરણ બની રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.૬

દિવાળીના તહેવાર દરમિયાન એટલે કે આગામી પાંચ દિવસ ૭ થી ૧૧ નવેમ્બર દરમિયાન આણંદ જિલ્લામાં હવામાન મોટાભાગે સૂકું અને આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેવાની શક્યતા છે.જેથી દિવાળીની ખરીદી, સફાઈ, રોશની અને ફટાકડા ફોડવા માટે મનગમતો માહોલ રહેશે

સમગ્ર જીલ્લામાં મહત્તમ તાપમાન ૩૬ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૯ થી ૨૧ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેશે. હવામાં ભેજનું પ્રમાણ ૨૫થી ૫૦ ટકા રહેવાની શક્યતા છે. પવનની સરેરાશ ઝડપ ૬ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેશે અને પવનની દિશા મોટાભાગે ઉત્તર-પૂર્વ તરફ રહેશે.

ગયા અઠવાડિયે જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું, જે આગામી દિવસોમાં પણ લગભગ યથાવત્ રહેવાની શક્યતા છે. એકંદરે આગામી દિવસોમાં થોડી ગરમી લાગશે, પરંતુ સાંજ પછી વાતાવરણ ગુલાબી ઠંડી સાથે ખુશનુમા વાતાવરણ બની રહેશે.

બીજી તરફ ખેડૂતો માટે પણ આ હવામાન ફાયદાકારક છે. ખુલ્લા હવામાનમાં કાપણી, સુકવણી અને થ્રેશિંગ જેવા કામો સરળતાથી પૂર્ણ થઈ શકશે. શિયાળુ પાકોની વાવણી માટે જમીનની તૈયારી માટે પણ આ સમય અનુકૂળ છે.

એકંદરે, આ વર્ષે દિવાળી પર ખેડૂતો સહિત જનજીવન માટે રાહતરૂપ માહોલ રહેશે. સ્વચ્છ આકાશ, સૂકું હવામાન તહેવારોની ઉજવણીમાં સામાન્ય ફૂલ ગુલાબી ઠંડીનો અહેસાસ અનુભવાશે.


આણંદ તથા આણંદ જિલ્લાના તમામ નાગરિકોને દિપાવલી તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ...



એક શુભેચ્છક


## બોરસદમાં જુગાર રમતાં ૩ પકડાયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.6

બોરસદ શહેર પોલીસે કુંભારી તલાવડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતાં 3ને પકડી પાડ્યાં હતાં.

બોરસદ પોલીસે બાતમીના આધારે ઘેરાબંધી કરીને પાડવામાં આવેલા દરોડામાં નટુભાઈ ભયજીભાઈ સલાટ (ઉં.વ. 62, રહે.બોરસદ), નરેન્દ્રભાઈ મનુભાઈ ગરાસીયા (ઉં.વ. 30, રહે. બોરસદ) અને નટવરલાલ ઠાકોરલાલ ઠક્કર (ઉં.વ. 65, રહે. બોરસદ)ને જુગાર રમતાં પકડી પાડ્યાં હતાં. આ દરોડામાં પોલીસે અંગજડતીમાંથી મળેલા રોકડા 4,720 તથા દાવ પરથી મળી આવેલા 2,010 રોકડા સહિત કુલ 6,730નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

















